

» ઉત્તર પ્રદેશના વૃંદાવનમાં આવેલા 'શ્રી રાધાવલ્લભ લાલ જી મંદિર' ખાતે હોળીના તહેવાર પૂર્વેની ઉજવણી દરમિયાન ગુલાલ

# ન્યાય પ્રક્રિયામાં એઆઈના દુરુપયોગ પર સુપ્રીમ નારાજ

**આંધ્ર** પ્રદેશની એક ટ્રાયલ કોર્ટે પોતાના આદેશમાં એવા ચુકાદાઓનો આધાર લીધો હતો, જે એઆઇ દ્વારા સર્જાયેલા ખોટા ચુકાદા હતા

**એઆઈથી** બનેલા ખોટા ચુકાદાઓ પર આધારિત આદેશો ન્યાયિક ગેરવર્તણૂક: સુપ્રીમ

નવી દિલ્હી, તા. 2 (પીટીઆઈ): આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ (એઆઈ) દ્વારા બનાવાયેલા ખોટા ચુકાદાઓ પર આધારિત નિર્ણયોના ગંભીર પરિણામો આવશે એવી કડક ચેતવણી આપતાં સુપ્રીમ કોર્ટે એક ટ્રાયલ કોર્ટના વલણ પર સખત નારાજગી વ્યક્ત કરી છે. અસ્તિત્વમાં ન હોય એવા, બનાવટી અથવા કૃત્રિમ રીતે તૈયાર કરાયેલા ચુકાદાઓના આધાર પર અપાયેલા આદેશોને માત્ર નિર્ણયમાં થયેલી ભૂલ ગણાવી શકાશે નહીં, પરંતુ તેને ન્યાયિક કાર્યમાં ગંભીર ગેરવર્તણૂક માનવામાં આવશે અને તેના કાનૂની પરિણામો આવશે, તેમ ટોચની અદાલતે જણાવ્યું છે.

જસ્ટિસ પી.એસ. નરસિંહા અને આલોક આરાધેની બેન્ચે આ મુદ્દે વિસ્તૃત તપાસ કરવાની જરૂરિયાત જણાવી એટર્ની જનરલ આર. વેંકટરમણી, સોલિસિટર જનરલ તુષાર મહેતા અને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને નોટિસ પાઠવી છે. સાથે જ વરિષ્ઠ વકીલ શ્યામ દિવાનને અદાલતને સહાય કરવા નિયુક્ત કરવામાં આવ્યા છે.

અદાલતે કહ્યું કે ટ્રાયલ કોર્ટ દ્વારા એઆઈથી સર્જાયેલા ખોટા ચુકાદાઓનો ઉપયોગ કરવાથી ન્યાય પ્રક્રિયાની વિશ્વસનીયતા પર સીધી અસર પડે છે. આંધ્ર પ્રદેશની એક ટ્રાયલ કોર્ટે પોતાના આદેશમાં એવા ચુકાદાઓનો આધાર લીધો હતો, જે વાસ્તવમાં અસ્તિત્વમાં જ ન હતા અને એઆઈ દ્વારા સર્જાયેલા ખોટા ચુકાદા હતા.મામલો હાઈકોર્ટમાં પહોંચ્યા પણ હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટે આધાર લીધેલા ચુકાદાઓ એઆઈ દ્વારા સર્જાયેલા અને અસ્તિત્વહીન હોવાનું ધ્યાનમાં લીધા બાદ પણ ટ્રાયલ કોર્ટે આપેલો આદેશ યથાવત્ રાખ્યો.

ત્યારબાદ અરજદારો સુપ્રીમ કોર્ટ પહોંચ્યા, જ્યાં અદાલતે કેસ સાંભળવાની સંમતિ આપી અને ટ્રાયલ કોર્ટને એડવોકેટ-કમિશનરની રિપોર્ટના આધાર પર કાર્યવાહી ન કરવા આદેશ આપ્યો. આ મામલો 10 માર્ચે સુનાવણી માટે મુકવામાં આવ્યો છે. અગાઉ પણ સુપ્રીમ કોર્ટે એઆઈથી તૈયાર કરાયેલી અરજીઓમાં ખોટા ચુકાદાઓનો ઉલ્લેખ થતો હોવા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી.

પેજ 3



## અલ્લુ શિરીષનો 'પેલ્લી કોડુકો' સમારોહ યોજાયો

ચેન્નાઈ, તા. 2: અલ્લુ શિરીશનો પેલ્લી કોડુકો (વરરાજાનો) સમારોહ યોજાયો હતો. આ એક સાચું કૌટુંબિક મિલન હતું, જેમાં સુપરસ્ટાર ભાઈ અલ્લુ અર્જુન અને પિતરાઈ ભાઈ રામ ચરણ તેમને આશીર્વાદ આપવા માટે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહ ખરેખર એક પારિવારિક પ્રસંગ હતો, જેમાં પરિવારની મુખ્ય મહિલાઓનો એક દુર્લભ અને ભવ્ય મેળાવડો જોવા મળ્યો હતો. લગ્ન સપ્તાહની શાનદાર શરૂઆત કરવા માટે અલ્લુ સ્નેહા રેડ્ડી અને ઉપાસના કોનિડેલા નજીકના સંબંધીઓ સાથે હૂંફાળી ક્ષણો વહેંચતી જોવા મળી હતી. સૌથી વધુ શેર થયેલી ક્લિપમાં માતા-પિતા અલ્લુ અરવિંદ અને તેમના પત્ની 'મંગલ સ્નાન' દરમિયાન પુત્ર શિરીષ પર પાણી રેડતા જોવા મળે છે.

## પાક.ના નૂરખાન એરબેઝ પર અફઘાન હુમલો

**ઓપરેશન** સિંદુર પછી સમારકામ હેઠળ હતું

ક્વેટા, તા. ૨: અફઘાન તાલિબાન દળોએ રાવલપિંડીમાં પાકિસ્તાનના નૂર ખાન એરબેઝ પર સ્થિત કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરને નિશાન બનાવીને સશસ્ત્ર ડ્રોન હુમલા કર્યા હોવાના અહેવાલો બાદ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે તણાવમાં ભારે વધારો થયો છે. આ ઘટનાક્રમ ખાસ કરીને સંવેદનશીલ છે કારણ કે 'ઓપરેશન સિંદૂર' દરમિયાન ભારતીય દળો દ્વારા જે પાકિસ્તાની સૈન્ય મથકોને નિશાન બનાવવામાં આવ્યા હતા તેમાં નૂર ખાન એરબેઝ પણ સામેલ હતું. મે 2025 માં ભારત અને પાકિસ્તાન વચ્ચેના ચાર દિવસીય તીવ્ર સંઘર્ષના નવ મહિના પછી પણ આ બેઝ પર પુનઃનિર્માણ કાર્ય ચાલુ હતું, ત્યારે અફઘાન તાલિબાન દ્વારા કરાયેલા આ નવા હુમલાએ સમારકામના કામને જોખમમાં મૂક્યું છે અને વધુ નુકસાન પહોંચાડ્યું છે.

# મસ્કત દરિયાકાંઠા નજીક એક તેલ ટેન્કર પર હુમલો, એક ભારતીયનું મોત

**તેલ** ટેન્કર પર વિસ્ફોટક ભરેલી માનવરહિત બોટે હુમલો કર્યો હતો

**ટેન્કરમાં** કુલ 21 ક્રૂ સભ્યો હતા, જેમાં 16 ભારતીય હતા

દુબઈ, તા. 2 (પીટીઆઈ): મસ્કત ગવર્નરેટના દરિયાકાંઠા નજીક સોમવારે એક તેલ ટેન્કર પર વિસ્ફોટક ભરેલી માનવરહિત નૌકાએ હુમલો કરતા એક ભારતીય નાગરિકનું મોત થયું હતું, એમ એક અહેવાલમાં જણાવાયું છે.

ઓમાનના રક્ષા મંત્રાલયે જણાવ્યું કે મેરીટાઇમ સિક્યુરિટી સેન્ટર દ્વારા માહિતી મળી હતી કે 'એમકેડી વ્યોમ' નામના તેલ ટેન્કર પર મસ્કત ગવર્નરેટથી અંદાજે 52 નોટિકલ માઈલ દૂર આ હુમલો થયો હતો.

હુમલાના પરિણામે ટેન્કરના મુખ્ય એન્જિન રૂમમાં આગ અને વિસ્ફોટ થયો હતો, જેમાં એક ક્રૂ સભ્યનું મોત થયું હતું. બાકીના 21 ક્રૂ સભ્યોને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. મંત્રાલયે મૃતકની નાગરિકતા જાહેર કરી ન હતી, પરંતુ સ્થાનિક મીડિયાએ જણાવ્યું હતું કે મૃત્યુ પામેલો ક્રૂ સભ્ય ભારતીય નાગરિક હતો.

ઓમાન ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ, ટેન્કરમાં કુલ 21 ક્રૂ સભ્યો હતા, જેમાં 16 ભારતીય, ચાર બાંગ્લાદેશી અને એક યુક્રેનિયન નાગરિક સામેલ હતો. આ ટેન્કર માર્શલ આઈલેન્ડ્સના ધ્વજ હેઠળ નોંધાયેલું હતું અને તેમાં અંદાજે 59,463 મેટ્રિક ટન માલ ભરેલો હતો.

એક દિવસ અગાઉ હોર્મુઝની જલસંધીમાં 'એમવી સ્કાયલાઈટ' નામના અન્ય તેલ ટેન્કર પર પણ હુમલો થયો હતો, જેમાં ચાર ક્રૂ સભ્યો ઘાયલ થયા હતા. તેમાંના કેટલાક ભારતીય અને ઈરાની નાગરિક હોવાનું જાણવા મળ્યું છે.

ઓમાન સ્થિત ભારતીય દૂતાવાસે તેલ ટેન્કર 'એમકેડી વ્યોમ' પર થયેલા હુમલામાં મૃત્યુ પામેલા ભારતીય ક્રૂ સભ્યના અવસાન પર ઘેરા શોક વ્યક્ત કર્યો છે અને જણાવ્યું કે ગુમ થયેલા ક્રૂ સભ્યો અંગે સ્થાનિક સત્તાવાળાઓ સાથે સતત સંપર્કમાં છે અને બચાવાયેલા લોકોને સ્વદેશ પરત લાવવા માટે તમામ શક્ય સહાય આપવામાં આવી રહી છે. હોર્મુઝની જલસંધી વિશ્વના સૌથી મહત્વપૂર્ણ તેલ પરિવહન માર્ગોમાંથી એક ગણાય છે.

બંને દેશો વચ્ચે વાર્ષિક ૫૦ અબજ ડોલરના વેપારનો લક્ષ્યાંક

# ભારત-કેનેડા વચ્ચે સીમાચિન્હરૂપ યુરેનિયમ કરાર

**ભારતની** મુલાકાતે આવેલા કેનેડિયન વડાપ્રધાન માર્ક કાર્ની સાથે વડાપ્રધાન મોદીની વિસ્તૃત મંત્રણા, આતંકવાદને બંને દેશોએ માનવતા સામેનો પડકાર ગણાવ્યો

**સંબંધોમાં** નવી ઉર્જાનો સંચાર, આ વર્ષના અંત સુધીમાં વેપાર કરાર કરવા નિર્ધાર

**ભારતના** અણુ વિજળી મથકો માટે કેનેડા ૨૦૨૭થી ૨૦૩૫ વચ્ચે ૯૯૭૯૦૦૦ કિલોગ્રામથી વધુ યુરેનિયમ મોકલશે

**યુરેનિયમ** અને મહત્વપૂર્ણ ખનિજોના કરારો ઉપરાંત અન્ય છ કરારો થયા



### કેનેડાના દુર્લભ ખનિજોના ભંડારનો લાભ ભારતને મળશે

વડાપ્રધાને જણાવ્યું હતું કે મહત્વપૂર્ણ ખનિજો પરના સમજૂતી કરાર સપ્લાય ચેઈનને મજબૂત બનાવશે. કેનેડા તેના મહત્વપૂર્ણ ખનિજો અને દુર્લભ પૃથ્વી સામગ્રીના નોંધપાત્ર ભંડાર માટે જાણીતું છે. ઉર્જા ક્ષેત્રમાં, બંને દેશો 'નેક્સ્ટ જનરેશન પાર્ટનરશિપ' બનાવી રહ્યા છે, જે હાઇડ્રોકાર્બન તેમજ રિન્યુએબલ એનર્જી, ગ્રીન હાઇડ્રોજન અને એનર્જી સ્ટોરેજ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

### કેનેડિયન યુનિવર્સિટીઓ ભારતમાં કેમ્પસ ખોલશે

AI, હેલ્થકેર અને કૃષિમાં ઘણી યુનિવર્સિટીઓ વચ્ચે નવી ભાગીદારીની જાહેરાત કરવામાં આવી રહી છે અને કેનેડિયન યુનિવર્સિટીઓ ભારતમાં કેમ્પસ ખોલવા માટે સંમત થઈ છે.

નવી દિલ્હી, તા. ૨(પીટીઆઇ): ભારત અને કેનેડાએ સોમવારે યુરેનિયમ અને મહત્વપૂર્ણ ખનિજોના પુરવઠા માટેના મુખ્ય કરારો પર હસ્તાક્ષર કર્યા છે અને ટૂંક સમયમાં વ્યાપક આર્થિક ભાગીદારી કરાર (CEPA) પૂર્ણ કરવાનો સંકલ્પ કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના કેનેડિયન સમકક્ષ માર્ક કાર્નીએ 2030 સુધીમાં દ્વિપક્ષીય વાર્ષિક વેપારને 50 અબજ યુએસ ડોલર સુધી લઈ જવા સહિત સંબંધોને મજબૂત કરવા માટે એક નવું માળખું તૈયાર કર્યું છે. વર્તમાનમાં દ્વિપક્ષીય વાર્ષિક વેપારનું કદ આશરે 13 અબજ ડોલર છે.

મોદીએ જણાવ્યું હતું કે બંને દેશો વચ્ચેના સંબંધો હવે નવી ઉર્જા, પરસ્પર વિશ્વાસ અને સકારાત્મકતાથી ભરેલા છે. કેનેડા 2.6 અબજ ડોલરના યુરેનિયમ સપ્લાય કરાર હેઠળ ભારતના સિવિલ ન્યુક્લિયર એનર્જી સેક્ટરને ટેકો આપવા માટે તૈયાર છે. મોદી અને કાર્નીએ પશ્ચિમ એશિયાની નાજુક સુરક્ષા સ્થિતિ પર પણ ચર્ચા કરી હતી, જેમાં વડાપ્રધાન મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત સંવાદ અને મુત્સદ્દીગીરી દ્વારા તમામ સંઘર્ષોના ઉકેલને સમર્થન આપે છે. બંને દેશોએ આજે ભારત સરકાર અને સાસ્કાટૂન સ્થિત કેમેકો વચ્ચે 2.6 અબજ ડોલરનો કરાર કરવામાં આવ્યો હતો, જે અંતર્ગત ભારતને 2027 થી 2035 દરમિયાન પરમાણુ ઉર્જા ઉત્પાદન માટે આશરે 2.2 કરોડ પાઉન્ડ (૯૯૭૯૦૦૦ કિલોગ્રામથી વધુ) યુરેનિયમ સપ્લાય કરવામાં આવશે. આ યુરેનિયમ ભારતના અણુ વિજળી મથકો માટે વાપરવામાં આવશે. યુરેનિયમ અને મહત્વપૂર્ણ ખનિજો પરના કરારો ઉપરાંત, ભારત અને કેનેડાએ અન્ય છ સમજૂતી પત્રો પર હસ્તાક્ષર કર્યા હતા, જેમાં ભારત-કેનેડા વ્યાપક આર્થિક ભાગીદારી સમજૂતી (CEPA) માટેની સંદર્ભ શરતો પરના એમઓયુનો પણ સમાવેશ થાય છે. મોદી-કાર્ની વાટાઘાટોનું મહત્વનું પરિણામ વ્યાપારી સંબંધોને વિસ્તારવાનો તેમનો નિર્ણય હતો, જે પગલું ટ્રમ્પ વહીવટીતંત્ર સાથે કેનેડાના વધતા જતા ખરાબ આર્થિક સંબંધો વચ્ચે આવ્યું છે.

1,000થી ઓછી રકમ ધરાવતા ખાતાઓના સેટલમેન્ટ માટે પાયલોટ પ્રોજેક્ટ

# પીએફ પર 8.25% વ્યાજ યથાવત

**સરકારની** મંજૂરી મળ્યા બાદ વ્યાજની રકમ ઈપીએફઓના 7 કરોડથી વધુ સબ્સ્ક્રાઇબર્સના ખાતામાં જમા કરાશે

**ઈન્કમ** ટેક્સ માન્ય ટ્રસ્ટોને શરતોને આધીન દંડ કે પેનલ્ટીમાં માફી મળી શકશે

**EPF**, EPS અને EDLIની '2026' નવી સ્કીમ્સ લાગુ થશે

નવી દિલ્હી, તા. 2 (પીટીઆઈ): રિટાયરમેન્ટ ફંડ બોડી એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (ઈપીએફઓ) દ્વારા સોમવારે વર્ષ 2025-26 માટે પ્રોવિડન્ટ ફંડ (ઈપીએફ) પર મળતા વ્યાજ દરોની જાહેરાત કરવામાં આવી છે. સંસ્થાએ સતત બીજા વર્ષે વ્યાજ દર 8.25 ટકા પર યથાવત રાખવાનો નિર્ણય લીધો છે. ઈપીએફઓની સર્વોચ્ચ નિર્ણય લેનારી સંસ્થા સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ (સીબીટી)એ સોમવારે કેન્દ્રીય મંત્રી મન્સુખ માંડવિયાની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં આ મહત્વનો નિર્ણય લીધો હતો. સીબીટીના આ નિર્ણય બાદ, વર્ષ 2025-26 માટેના વ્યાજ દરની દરખાસ્ત હવે નાણા મંત્રાલય પાસે મંજૂરી માટે મોકલવામાં આવશે. સરકારની અંતિમ મંજૂરી મળ્યા પછી, આ વ્યાજની રકમ ઈપીએપઓના 7 કરોડથી વધુ સબ્સ્ક્રાઈબર્સના ખાતામાં જમા કરવામાં આવશે. અગાઉના વર્ષોમાં વ્યાજ દરોમાં સતત ફેરફાર જોવા મળ્યા છે, જેમાં વર્ષ 2018-19માં તે 8.65 ટકા અને 2015-16માં 8.8 ટકા જેટલા ઊંચા સ્તરે હતા. જોકે, હાલની સ્થિરતા રોકાણકારો માટે રાહતના સમાચાર છે. બેઠકમાં વ્યાજ દરો ઉપરાંત અનેક પાયાના સુધારા મંજૂર કરાયા છે. ઈપીએફઓ દ્વારા 'એમ્નેસ્ટી સ્કીમ' જાહેર કરવામાં આવી છે, જે અંતર્ગત ઈન્કમ ટેક્સ માન્ય ટ્રસ્ટોને 6 માસમાં કાયદાકીય પાલન કરવાની તક મળશે અને શરતોને આધીન દંડ કે પેનલ્ટીમાં માફી મળી શકશે. આ ઉપરાંત, જૂની યોજનાઓના સ્થાને નવી ઈપીએફ સ્કીમ 2026, ઈપીએસ 2026 અને ઈડીએલઆઈ સ્કીમ 2026 લાગુ કરવાની મંજૂરી અપાઈ છે. સભ્યોના હિત માટે રૂ. 1,000 કે તેથી ઓછી રકમ ધરાવતા નિષ્ક્રિય ખાતાઓના સેટલમેન્ટ માટે 'પાયલોટ પ્રોજેક્ટ' શરૂ કરાશે. માર્ચ 2025 સુધીમાં ઈપીએફઓનું કુલ ભંડોળ રૂ. 28.34 લાખ કરોડને વટાવી ગયું છે, જેના રોકાણ અને દેખરેખ માટે નવી એસઓપી તૈયાર કરવામાં આવી છે. હાયર પેન્શન અંગેની અપડેટ મુજબ, 17.49 લાખ અરજીઓમાંથી 15.24 લાખ અરજીઓનો નિકાલ 23 ફેબ્રુઆરી, 2026 સુધીમાં કરી દેવામાં આવ્યો છે. વ્યાજ દરોના ઈતિહાસ પર નજર કરીએ તો, વર્ષ 2024-25 માટે પણ વ્યાજ દર 8.25 ટકા જ હતો. અગાઉ વર્ષ 2022-23માં આ દર 8.15 ટકા હતો, જે વર્ષ 2023-24માં વધારીને 8.25 ટકા કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, માર્ચ 2022માં ઈપીએફઓએ વર્ષ 2021-22 માટે વ્યાજ દર ઘટાડીને 8.10 ટકા કર્યો હતો, જે છેલ્લા ચાર દાયકાનો સૌથી નીચો દર હતો. આ અગાઉ વર્ષ 1977-78માં વ્યાજ દર 8 ટકા જેટલો નીચો રહ્યો હતો.

# બોઈસર MIDCમાં ઓલિયમ ગેસ લીક

**1,600** વિદ્યાર્થીઓ સહિત 2,600 લોકોનને ખસેડાયા

**5 કિમી** વિસ્તારમાં સફેદ ધુમાડાના ગોટા

પાલઘર, તા. 2 (પીટીઆઈ): મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના બોઈસર એમઆઈડીસી વિસ્તારમાં સોમવારે એક રાસાયણિક એકમમાંથી જોખમી ઓલિયમ ગેસ લીક થતાં 2,600થી વધુ લોકોને સુરક્ષાના પગલાં રૂપે સ્થળાંતર કરાવવામાં આવ્યું હતું. તેમાં 1,600 શાળાના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ ઘટનામાં ત્રણ લોકોને આંખોમાં હળવી બળતરા થવાની ફરિયાદ થઈ હતી. બપોરે લગભગ 2 વાગ્યે ભાઘેરિયા ઈન્ડસ્ટ્રીઝ લિ.ના એકમમાં આવેલી 2,500 લીટર ક્ષમતા ધરાવતી ઓલિયમ ટાંકીમાંથી ગેસ લીક થયો હતો. પવનની તેજ ગતિને કારણે સફેદ ધુમાડાનો ઘન વાદળ ઝડપથી ફેલાયો અને પાંચ કિમી વિસ્તાર અસરગ્રસ્ત બન્યો, જેના કારણે ઔદ્યોગિક પટ્ટામાં ભયનો માહોલ સર્જાયો. પરિસ્થિતિની ગંભીરતા જોતા આપત્તિ વ્યવસ્થાપન યોજના તાત્કાલિક અમલમાં મૂકાઈ હતી. તારાપુર વિદ્યામંદિરના 1,600 વિદ્યાર્થીઓ તેમજ નજીકની ફેક્ટરીઓના 1,000થી વધુ કામદારોને સલામત સ્થળે ખસેડાયા.

એનડીઆરએફ, બીએઆરસી અને ફાયર બ્રિગેડની ટીમોને ભારે ધુમાડાના કારણે પ્રારંભે મુશ્કેલી પડી હતી. બાદમાં એસસીબીએ એ સાધનો સાથે ટીમોએ લીકનું સ્થળ શોધી રેતના થેલાં મૂકી ધુમાડો કાબૂમાં લીધો. પ્રશાસને લોકોને અફવાઓથી દૂર રહેવા અને ઘરમાં જ રહેવા અપીલ કરી છે.



Adfactors 854/26

## ટેક્સાસમાં ઈરાની સમર્થકનો ગોળીબાર: બેનાં મોત

**આ** હુમલામાં અન્ય 14 લોકો ઈજાગ્રસ્ત થયા જેમાં 3ની હાલત ગંભીર પોલીસે હુમલાખોરને ઠાર માર્યો

ઓસ્ટીન (યુએસ), તા. 2 (એપી): અમેરિકાના ટેક્સાસ રાજ્યમાં ઈરાન અને અમેરિકા-ઈઝરાયેલ વચ્ચેના સંઘર્ષની લોહિયાળ અસર જોવા મળી છે. ઓસ્ટિન શહેરના એક પ્રખ્યાત બારમાં રવિવારની મધ્યરાત્રીએ એક બંદૂકધારીએ અંધાધૂંધ ગોળીબાર કરીને 2 લોકોની હત્યા કરી છે, આ હુમલામાં અન્ય 14 લોકો ઈજાગ્રસ્ત થયા છે.

હુમલાખોરની ઓળખ 53 વર્ષીય ન્ડીઆગા ડાયગ્ને તરીકે થઈ છે, જે મૂળ સેનેગલનો હતો અને 2013માં અમેરિકાનો નાગરિક બન્યો હતો. ખાસ વાત એ છે કે હુમલા સમયે તેણે ઈરાની ધ્વજની ડિઝાઇનવાળા કપડાં પહેર્યા હતા, જેના પર 'પ્રોપર્ટી ઓફ અલ્લાહ' લખેલું હતું. એફબીઆઈ હાલમાં આ ઘટનાની ત્રાસવાદી કૃત્ય તરીકે તપાસ કરી રહી છે.

ઘટનાની વિગતો મુજબ, ઓસ્ટિનમાં યુનિવર્સિટી ઓફ ટેક્સાસ પાસે આવેલા 'બુફોર્ડ્સ બેકયાર્ડ બીયર ગાર્ડન' બહાર આ હિંસક બનાવ બન્યો હતો. હુમલાખોરે પહેલા પોતાની એસયુવી કારની બારીમાંથી લોકો પર પિસ્તોલ વડે ગોળીબાર કર્યો અને ત્યારબાદ રાઈફલ લઈને રસ્તા પર ચાલતા લોકો પર હુમલો કર્યો. પોલીસ અધિકારીઓએ ગણતરીની મિનિટોમાં જ જવાબી કાર્યવાહી કરી હુમલાખોરને ઠાર માર્યો હતો.

ઈજાગ્રસ્તોમાં ઘણા કોલેજિયન વિદ્યાર્થીઓ છે અને તેમાંથી 3ની હાલત અત્યંત ગંભીર જણાવવામાં આવી રહી છે.

ટેક્સાસના ગવર્નર ગ્રેગ એબોટે આ ઘટનાની નિંદા કરતા ચેતવણી આપી છે કે મધ્ય પૂર્વના સંઘર્ષનો ઉપયોગ કરીને ટેક્સાસને ધમકાવનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. યુનિવર્સિટી પ્રમુખે પણ અસરગ્રસ્ત વિદ્યાર્થીઓ પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. ઉલ્લેખનીય છે કે અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરાયેલા હુમલાના બરાબર એક દિવસ પછી આ ઘટના બની છે, જેનાથી સ્થાનિક સુરક્ષા એજન્સીઓ વધુ સતર્ક બની ગઈ છે.

શુભકામના
ગજાનંદ મહાદેવ સાવંત
મીના ગજાનંદ સાવંત
લગ્નનાં પચાસ વર્ષ સુવર્ણજયંતિ પુર્ણ થવા પર હાર્દિક શુભકામના.
સાવંત પરિવાર તથા મિત્રો
હર પલ હંમેશા આપકે સાથ
૦૩-૦૩-૧૯૭૬
૦૩-૦૩-૨૦૨૬